# કૃષિ વિજ્ઞાની

કૃષિ વૈજ્ઞાનિકો એવા વૈજ્ઞાનિકો છે જે પાક ઉત્પાદન અને જમીન વ્યવસ્થાપનમાં નિષ્ણાત છે. તેઓ પાકનું મહત્તમ ઉત્પાદન કરવાના ઉપાયો શોધવાનો પ્રયાસ કરે છે. તેઓ છોડના પોષક તત્વો અને જમીનના સ્વાસ્થ્યને નિર્ધારિત કરવા તેમજ સુધારવા માટે પ્રયોગો કરે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે વિજ્ઞાનમાં રૂચિ ધરાવો છો
- તમને બહાર કામ કરવાનું પસંદ છે
- તમને સમસ્યાઓ અને પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું પસંદ છે

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૨,૦૦,૦૦૦ થી ૩,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન)

૨. કૃષિ / બાયોટેકનોલોજી / માઈક્રોબાયોલોજી / પ્લાન્ટ જિનેટિક્સ અથવા કોઈપણ સંબંધિત વિષયમાં સ્નાતક (B.Sc.)ની ડિગ્રી મેળવો.

**અથવા**

૩. સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, સમાન અથવા સંબંધિત ક્ષેત્રમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ એન.સી.એસ.માંથી લેવામાં આવેલ છે અને તે ફક્ત સૂચક અને ફેરફારને પાત્ર છે.

કૃષિ વૈજ્ઞાનિકનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૮,૦૦૦ થી ૮૫,૦૦૦*** જેટલું હોય છે.

સ્ત્રોત: bit.ly/3D0Qczk

NCS Code: 2132.0100, CCode: SC003

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** કૃષિ સહકારી સંસ્થાઓ, સરકારી સંશોધન સંસ્થાઓ, બિન-સરકારી સંસ્થાઓ, ખેતરો, ખાનગી સંશોધન કંપનીઓ વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ ક્ષેત્ર/ફિલ્ડમાં રહીને કરવાની કામગીરી છે. તમારે ટીમની દેખરેખ રાખવાની જવાબદારી નિભાવવી પડી શકે છે. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ, દરરોજ ૮ થી ૯ કલાક કામ કરો તેવી શક્યતા છે. સ્થાનિક મુસાફરી એ તમારી કામગીરીનો એક ભાગ છે. અંશકાલિક અને કરાર આધારિત નોકરીઓ ઉપલબ્ધ હોઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ કૃષિ વિજ્ઞાન વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. એમ.એસ.યુ., વડોદરા
૨. બનારસ હિન્દુ યુનિવર્સિટી, ઉત્તર પ્રદેશ
૩. એચ.એન.જી.યુ., પાટણ
૪. મહારાણા પ્રતાપ યુનિવર્સિટી ઓફ એગ્રીકલ્ચર એન્ડ ટેકનોલોજી, રાજસ્થાન
૫. નવસારી એગ્રીકલ્ચર યુનિવર્સિટી, નવસારી
૬. ઈન્દિરા ગાંધી કૃષિ યુનિવર્સિટી, છત્તીસગઢ
૭. પંડિત જવાહરલાલ નેહરુ કોલેજ ઓફ એગ્રીકલ્ચર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, પુડુચેરી
૮. એસ.ડી.એ.યુ., પાલનપુર

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે શું સંસ્થા યુજીસી સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. ભારતીય કૃષિ સંશોધન સંસ્થાન, નવી દિલ્હી
૨. ભારતીય પશુચિકિત્સા સંશોધન સંસ્થા, બરેલી
૩. રાષ્ટ્રીય ડેરી સંશોધન સંસ્થા, કરનાલ
૪. નોબલ યુનિવર્સિટી, જુનાગઢ
૫. સી.આઇ.એફ.ઈ., મુંબઈ.
૬. ડૉ ડી.વાય. પાટીલ કોલેજ ઓફ એગ્રીકલ્ચર બિઝનેસ મેનેજમેન્ટ, પુણે
૭. સેમ હિગિનબોટમ યુનિવર્સિટી ઓફ એગ્રીકલ્ચર, ટેકનોલોજી એન્ડ સાયન્સ, ઉત્તર પ્રદેશ
૮. પી.ડી.ઈ.યુ., ગાંધીનગર

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

## અપેક્ષિત પ્રગતિ પથ

કૃષિ વિજ્ઞાની → વરિષ્ઠ કૃષિવિજ્ઞાની → એન્જિનિયરીંગ ઓપરેશન્સના વડા → જનરલ મેનેજર → કંપનીના વડા/સી.ઈ.ઓ.

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

એગ્રોનોમિસ્ટ, અગ્રીકલ્ચર સાયન્ટીસ્ટ

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in



## સાફલ્ય ગાથા

તમિલનાડુ એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી (ટી.એન.એ.યુ.)ના પાક વ્યવસ્થાપન વિભાગના નિયામક સી. જયંતિને ઈન્ડિયન સોસાયટી ઓફ એગ્રોનોમી દ્વારા આ ક્ષેત્રમાં તેમના યોગદાનને માન્યતા આપવા માટે સુવર્ણ ચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો. જયંતીએ ટી.એન.એ.યુ.માંથી કૃષિ વિજ્ઞાનમાં સ્નાતક, કૃષિ વિજ્ઞાનમાં અનુસ્નાતક અને વર્ષ ૧૯૯૨માં તે જ ક્ષેત્રમાં પી.એચ.ડી.ની પદવી હાંસલ કરી છે.*

સ્રોત:https://timesofindia.indiatimes.com/city/coimbatore/tnaus-jayanthi-1st-woman-to-win-society-of-agronomy-gold/articleshow/55919875.cms

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.